SHABDBRAHM E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

# સરદાર પટેલના વિચારો અને આધુનિક ભારતીય સમાજ

**Dr. ALPESH R. PRAJAPATI**
**Head, Sociology Department**
**Shri R. K. Parikh Arts and Science College, Petlad**
Alpesh.Prajapati@gujgov.edu.in
alpesh81821@gmail.com

**સારાંશ:** સરદાર વલ્લભભાઈ પટેલ, જેમને "ભારતના લોખંડી પુરુષ" તરીકે ઓળખવામાં આવે છે, તેમણે ભારતના પ્રથમ ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન તરીકે મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમની સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિ 562 થી પણ વધુ રજવાડાઓનું ભારતીય સંઘમાં એકીકરણ કર્યું હતું, જે એક અપ્રતિમ ઐતિહાસિક સિદ્ધિ હતી જેણે ભારતની ભૌગોલિક અને રાજકીય અખંડિતતાને સુનિશ્ચિત કરી. આ મહાન પ્રયાસ વિના, ભારત અસંખ્ય નાના મોટા જૂથોમાં વિભાજીત થઈ ગયું હોત અને આજે જે મજબૂત રાષ્ટ્ર છે તે ક્યારેય ઉભરી શક્યું ન હોત. જેતે સમયે તેમના અટલ નિશ્ચય અને રાજકીય કુનેહથી "આધુનિક અને વિકસિત ભારત" (વિકસિત ભારત) નો પાયો નાખ્યો. સરદાર પટેલનું વિઝન રાજકીય એકીકરણથી ઘણું આગળ હતું. તેમણે ખેડૂતોના હિતને સમર્થન આપ્યું, ખેડા, બોરસદ અને બારડોલી સત્યાગ્રહ જેવા આંદોલનોનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું. ગ્રામીણ વિકાસ અને ખેડૂત સશક્તિકરણ પર તેમનું મહત્વનું પ્રદાન તેમજ આધુનિક વિકસિત ભારત માટે કૃષિક્ષેત્ર મહત્વપૂર્ણ ક્ષેત્ર છે માટે ભૂતકાળમાં એના ઉપર ભાર મૂક્યો હતો. "તેઓ સામાજિક સુધારાઓના કટ્ટર હિમાયતી પણ હતા. પટેલે અસ્પૃશ્યતા, જાતિ ભેદભાવ, દારૂનું સેવન અને મહિલાઓ પરના અત્યાચારો સામે સક્રિયપણે જાગૃતિ ફેલાવી હતી. આ પ્રયાસો એક સમાવિષ્ટ અને સમાન 'આધુનિક વિકસિત ભારત' બનાવવા માટે મહત્વપૂર્ણ હતા" અમદાવાદના મેયર તરીકે, સરદાર પટેલે શહેરી વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું, જેમાં વી.એસ. હોસ્પિટલની સ્થાપના અને ભૂગર્ભ ગટર વ્યવસ્થાનો સમાવેશ થાય છે. વધુમાં, ઓલ ઈન્ડિયા સર્વિસીસ (જેમ કે આઈએએસ અને આઈપીએસ)ને મજબૂત બનાવવાની તેમની દૂરંદેશીએ ભારતને એક મજબૂત વહીવટી કરોડરજ્જુ પ્રદાન કરી, કાર્યક્ષમ શાસન અને આધુનિક રાષ્ટ્ર તરફની સફર માટે જરૂરી છે. સરદાર પટેલનું જીવન અને કાર્ય આજના યુવાનો માટે પ્રેરણાના વિશાળ સ્ત્રોત તરીકે સેવા આપે છે.

**કીવર્ડ્સ:** સરદાર પટેલના સામાજિક-રાજકીય વિચારો અને આધુનિક ભારત

**પદ્ધતિશાસ્ત્ર:** પ્રસ્તુત લેખમાં મુખ્યત્વે વર્ષ ૧૯૬૯માં મણિબહેન વલ્લભભાઇ પટેલ દ્વારા સંપાદિત પુસ્તક 'સરદાર વલ્લભભાઇ પટેલના લેખોમાં' તેમજ અન્ય સાહિત્યોમાં સરદાર પટેલના અભિવ્યક્ત વિચારોને કેન્દ્રમાં રાખી તેમના સામાજિક-રાજકીય વિચારોનો આધાર તરીકે લીધેલ છે. આ વિચારોનું કન્ટેન્ટ એનાલિસિસ કરી સામાજિક, સાંસ્કૃતિક તેમજ આર્થિકરીતે સર્વાંગી વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સરદાર સાહેબનો અભિગમ કેટલો દિશાસૂચક અને પ્રેરણાદાયી બની રહે તેની ચર્ચા લેખના અંતમાં પ્રસ્તુત કરેલ છે. ટૂંકમાં આ સંશોધન પેપરમાં

SHABDBRAHM

લેખના અંતે આપેલી ગ્રંથસૂચિમાં સૂચિબદ્ધ વિવિધ સંદર્ભ સામગ્રીનો ઉપયોગ કરીને સામગ્રી વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## સરદાર પટેલના વિચારો:

પ્રસ્તુત લેખમાં મુખ્યત્વે વર્ષ ૧૯૬૯માં મણિબહેન વલ્લભભાઇ પટેલ દ્વારા સંપાદિત પુસ્તક 'સરદાર વલ્લભભાઇ પટેલના લેખોમાં' તેમજ અન્ય સાહિત્યોમાં સરદાર પટેલના અભિવ્યક્ત વિચારોને કેન્દ્રમાં રાખી તેમના સામાજિક-રાજકીય વિચારોનો આધાર તરીકે લીધેલ છે. આ વિચારોનું કન્ટેન્ટ એનાલિસિસ કરી  સામાજિક, સાંસ્કૃતિક તેમજ આર્થિકરીતે સર્વાંગી વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સરદાર સાહેબનો અભિગમ કેટલો દિશાસૂચક અને પ્રેરણાદાયી બની રહે તેની ચર્ચા લેખના અંતમાં પ્રસ્તુત કરેલ છે.

સરદાર પટેલ અખંડ રાષ્ટ્ર, સમરસતા, પરસ્પર આદર અને સદભાવના તેમજ સામાજિક એકતાને વિકસિત ભારતના સ્વપ્ન પુરા કરવા માટે પ્રાથમિક અને અત્યંત આવશ્યક માનતા હતા જેનો ખ્યાલ તેમના જીવન અને સંદેશમાં જોઈ શકાય છે. “સરદાર મુખ્યત્વે વાસ્તવદર્શી પુરુષ હતા. ગાંધીજીના નેતૃત્વ હેઠળ ભારતના કાર્યક્ષેત્રમાં ઊતર્યા પછી, સરદારે સન ૧૯૨૦થી માંડીને સન ૧૯૨૯ સુધી ગુજરાતનો કાયાકલ્પ કરવા જે ભગીરથ પ્રયત્ન આદર્યો હતો, તેનો ભારતના સ્વાતંત્ર્ય-ઇતિહાસમાં જોટો નથી. તે ગાળામાં અસહકારની જે ચળવળો એમણે ઉપાડી અને રચનાત્મક પ્રવૃત્તિમાં પ્રાણ રેડવા જે પુરુષાર્થ કર્યાં, તેમાંથી જ તેમને સાચા હિંદનું—તેના પ્રાણપ્રશ્નોનું, તેની આશા અને અભિલાષાઓનું વાસ્તવિક દર્શન થયું. ત્યાર પછી સરદાર દેશના વિશાળ પ્રાંગણમાં કામ કરવા લાગ્યા અને જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ આ વાસ્તવિક ચિત્ર એમના મનમાં વધારે ને વધારે સ્પષ્ટ થતું ગયું. માનવઉન્નતિની માફક રાષ્ટ્રનો ઉદ્ધાર પણ માત્ર એકલા વિકાસ પર જ આધારિત નથી. પરંતુ જે પરિબળો રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રૈક્યની વચ્ચે આવીને રાષ્ટ્રપ્રાણને રૂંધવા મથે છે, એવા અવરોધોને દૂર કરવાનું કાર્ય વિકાસ જેટલું જ અગત્યનું છે. આ કાર્યનું દ્વિવિધ રૂપ સરદાર માત્ર જાણતા જ નહોતા પરંતુ તે અનુસાર કાર્ય કરવામાં તેઓ કટિબદ્ધ પણ હતા. તે જે કર્મમંત્ર અને તેની વ્યાખ્યા સરદારન વાસ્તવદર્શી સરદારે જે સમયે અને જે સ્થિતિમાં સ્વતંત્ર ભારતના ગૃહ-મંત્રી અને ઉપપ્રધાન તરીકેનો દોર હાથમાં લીધો, તે સમયનું અને સ્થિતિનું જે ચોક્કસ નિદાન એમણે કર્યું અને તેનો ઇલાજ કરવા પોતાની બધી શક્તિ અને કુનેહ વાપરી, એ વસ્તુએ જ તેમના જીવન અને કાર્યને ભારતના ઇતિહાસમાં ચિરસ્થાન આપ્યું. કાળનું અને પરિસ્થિતિનું એમનું દર્શન વિખૂટું નહોતું. ભૂતકાળનો અનુભવ અને ભવિષ્ય માટેની સાવચેતી તેમાં સમાયેલાં હતાં અને તેને અનુરૂપ કર્મકૌશલ્ય અને આત્મબળ, તેમણે ત્રણ દસકા સુધી આ દેશની જે અથાક અને નિષ્કામ સેવા કરી, તેમાંથી મેળવ્યાં હતાં. એટલે માત્ર બે જ વરસમાં દેશની અખંડિતતા અને એકતા માટે એમણે જે મહામૂલી સેવા કરી તે દેશના ઈતિહાસમાં સુવર્ણાક્ષરેથી લખાયેલી રહેશે. સરદારશ્રીની યશસ્વી કારકિર્દી સ્વાતંત્ર્યોત્તર પર્વની અતિ પ્રેરક ગાથા છે. વિભાજનને આઘાત અને અતિ મોટા પાયા પર જનસમૂહનો પુનર્વસવાટ, દેશી રાજ્યોનું વિલીનીકરણ, હૈદરાબાદ, કાશ્મીર અને જૂનાગઢના સળગતા પ્રશ્નો, આંતરિક વિગ્રહી પરિબળો અને દેશની અસ્તવ્યસ્ત થયેલી મુલકી અને સંરક્ષણ વ્યવસ્થા — આ બધા વિકટ સવાલો તે વખતે

દેશ સામે મોં ફાડીને ઊભા હતા. તે પરિસ્થિતિ અને કાળને સરદાર પહોંચી શક્યા. તેમના આ કર્મગાથાના સ્ત્રોત એમણે સ્વાતંત્ર્યસિદ્ધિ માટે જે વિવિધ ક્ષેત્રે પુરુષાર્થ કર્યો, તેમાંથી આપણને મળી આવશે.("ટ્રૂ અવેકિંગ ઇંડિયા', સ્ટોક્સ, ૧૯૨૨, જુઓ ગાંધીજીની પ્રસ્તાવના.)"

સામાજિક અને સાંસ્કૃતિકની સાથોસાથ કોઇપણ રાષ્ટ્રને આર્થિકરીતે સમૃદ્ધ અને પગભર થવું એ વિકસિત સમાજ તરફની આવશ્યક શરત છે. "સંસ્થાઓ ગમે તેટલી સારી હોય અને તેને ચલાવનાર ગમે તેવા પ્રમાણિક અને બાહોશ માણસો હોય તોપણ તે ચલાવવા જેટલાં નાણાં ન હોય તો એવી સંસ્થાઓથી કાંઈ પણ લાભ થવાને બદલે ઊલટું નુકસાન જ થાય. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની આર્થિક સ્થિતિમાં કાંઈ પણ ફેરફાર થાય એમ લાગતું નથી. સરકાર આ ખર્ચાળ ખાતાં પ્રજાને સોંપી જવાબદારીમાંથી નિરાંતે નીકળી ગઈ છે. તેણે આવકનો મોટો ભાગ પોતાના હસ્તકના ખાતાને માટે કબજે કર્યો છે, છતાં તે ખાતાનો વહીવટ તપાસીએ તો દરવાજા ખુલ્લા રાખી ખાળે ડૂચા મરાતા હોય એવી સ્થિતિ નજરે પડે છે. ટાંકણીઓમાં ઘણું ખર્ચ થતું હોવાથી જ્યાં મળી શકે ત્યાં બાવળના કાંટાનો ઉપયોગ કરવાને હુકમ નીકળ્યો છે. તે ઉપરથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સરકાર શું મદદ કરી શકે એનો ખ્યાલ પૂરેપૂરો આવશે." (પટેલ મણિબહેન: સંપાદન-1969:25)

ગાંધી મૂલ્યોનું સરદાર સાહેબના જીવનમાં અનેક ઘણું મહત્વ હતું. આ મૂલ્યો વિકસિત ભારત માટે પણ એટલા જ મહત્વના બની રહે છે. માનવતા, સત્ય, અહિંસા તેમજ સાદગીભર્યું જીવન વિકસિત સમાજનો પાયો હોવો જોઈએ "મહાત્માજીના જન્મદિવસ પછી દિવાળીના તહેવારો આવે છે. ગુજરાતને શોકનો અવસર છે. આ વર્ષે જો આપણે રંગબેરંગી પરદેશી વસ્ત્રો પહેરી દિવાળી મહાલીએ, પકવાન્નનાં જમણ જમીએ અને આતશબાજી ઉડાવીએ તો તેમના ત્યાગની અને તપશ્ચર્યાની હાંસી જ કરી કહેવાય. આ વર્ષની દિવાળી તો ગુજરાત ગમગીનીમાં જ કાઢી શકે. એકલી આતશબાજીમાં જ ગુજરાતીઓ લાખે રૂપિયાનો ધુમાડો ઉડાવે છે. આ વર્ષે એટલા રૂપિયા બચાવી વિદ્યાપીઠના ફાળામાં આપીએ તોપણ ગુજ-રાતે ઉપાડેલું કામ થાય અને મહાત્માજીનો જન્મદિવસ સારી રીતે ઊજવી શકાય." (પટેલ મણિબહેન: સંપાદન-1969:32)

ગાંધી અને સેવા એક બીજાના સમાનર્થી છે તેવું સરદાર સાહેબના વિચારોનું કેન્દ્રબિંદુ રહ્યું છે. સમાજસેવાની સાથો-સાથ રાષ્ટ્રની સુરક્ષા તેમજ સ્વતંત્રતા માટે યુવાનોએ હરહંમેશ બલિદાન માટે તૈયાર રહેવું જોઈએ. "ગાંધીજીની પાછળ ગાંડા થનાર, એમની હાજરીમાં એમની જય બોલા-વનાર ગુજરાતીઓ ! તમે જાગ્રત થાઓ. ગુજરાતની લાજ રાખવી હોય તો આળસ છોડો, નહીં તો કાળ જશે અને કહેવત રહેશે કે જેને જગતે ઓળખ્યા એવા મહાત્મા ગાંધીજીને એક ગુજરાતે ન ઓળખ્યા. ગુજરાત અને કાઠિયાવાડના સાચી દેશદાઝવાળા નવજવાનોએ ગાંધીજી જેલમાંથી છૂટે ત્યાં સુધી ફક્ત દેશસેવાનું જ કામ કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. ગુજરાતને મહાત્માજીના કાર્યક્રમમાં શ્રદ્ધા છે; ગુજરાત પાસે પૈસો છે, વ્યવસ્થાશક્તિ છે, વિવેક છે; પણ ગુજરાતને કામદારોની એટલે સ્વયંસેવકોની ખોટ છે. જેને દેશદાઝ હોય તે તમામ ગુજરાતીઓએ પોતાનો એક એક છોકરો દેશસેવાના કામમાં આપી દેવો જોઈએ." (પટેલ મણિબહેન: સંપાદન-1969:39-40)

E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

સરદાર પટેલના મતે શિક્ષણ અને કેળવણીની સંસ્થાઓ હંમેશાં સ્વાયત્ત અને સ્વતંત્ર હોવી જોઈએ તેવું દ્રઢતાપૂર્ણ માનતા હતા. "આ સ્થિતિને પહોંચી વળવાને સરકારે પ્રાથમિક કેળવણી ફરજિયાત કરવાનો કાયદો કર્યો છે. એ કાયદા પ્રમાણેની યોજના અમલમાં મુકાય તે પહેલાં બંને શહેરનાં કેળવણી મંડળો પોતાની શાળાઓના નિભાવને માટે એક વર્ષનું ખર્ચ ભેળું કરી લઈ ફરજિયાત કાયદાની સામે લડવાની તૈયારી કરે છે. આ સ્વમાનની લડતમાં બન્ને શહેરોની પ્રજાએ ખૂબ રસ લીધો છે. કાર્યવાહકોએ પ્રજાનો વિશ્વાસ મેળવ્યો છે. એટલે આટલી સુંદર લડતને માટે, પોતાનાં બાળકોને સ્વતંત્ર કેળવણી આપતી સંસ્થાઓને નિભાવવા માટે આ ધનાઢ્ય શહેરોમાંથી પૈસા સહેલાઈથી મળવા જ જોઈએ." (પટેલ મણિબહેન: સંપાદન-1969:47)

કેળવણી અને ન્યાયતંત્રમાં સરકારની કોઈપણ જાતની દખલગીરી સરદાર સાહેબને પસંદ ન હતી. "સરકાર કોઈ રીતે રાષ્ટ્રીય કેળવણીની હિલચાલને તોડી પાડવા માગે છે. એ ચળવળમાં આગળ પડી કામ કરનારાઓને ડરાવવા અને હેરાન કરવાના ઇરાદાથી જ આ દાવો કરેલો. એમાં સરકારની હાર થઈ તેથી કંઈ એ શાંત બેસવાની તો નથી જ. હજી બીજા કંઈક ઉપાય લેશે. હજી તો ફરજિ-યાત કેળવણીનું નવું હથિયાર આપણે માટે તૈયાર કરવામાં આવેલું છે. તેની સામે લડવાનો વખત હવે આવવાનો છે. આ લડત એવા શુભ ચોઘડિયામાં આરંભાયેલી છે કે આપણે અત્યાર સુધી દરેક પ્રસંગે સરકારને હરાવી છે અને હજી પણ હરાવીશું, કારણ કે સત્ય અને ન્યાય આપણા તરફ છે."(નવજીવન, 22-4-23, પૃષ્ઠ નં. 267) (પટેલ મણિબહેન: સંપાદન-1969:53)

સરદાર પટેલ ભારતીય સમાજના વાસ્તવિક અસ્તિત્વની પ્રાપ્તિ માટે, સામાજિક-આર્થિક વિકાસ તેમજ આઝાદીની લડત માટે ખાદી, સમયનું મૂલ્ય, સ્વદેશી વસ્તુનો ઉપયોગ ખુબજ ઉપયોગી માનતા હતા. "આપણને છોડનાર નથી. માત્ર આપણે કાર્યની ઢબ ફેરવવી જોઈશે. આપણી લડત લંબાઈ છે. ઉત્સાહથી ભારે પરિણામ મેળવવાની આશા રાખવી ન જોઈએ. ઉત્સાહમાં આવેલા કાર્યવાહકો ઉત્સાહ મંદ પડયે બોજારૂપ થઈ પડવાનો સંભવ છે. એટલે દરેક બાજુથી આ વિષયનો સંપૂર્ણ વિચાર કરીને નિશ્ચય કરવો ઘટે છે. તા. ૧૫મી મેને રોજ ભરૂચ મુકામે ગુજરાત પ્રાંતિક વિષયતો અતે એ સંબંધમાં આવેલી ાંધીઃની શરૂઆત થઈ ચૂકી છે. વખત જતાં વાર નહીં લાગે, માટે આજનું કામ કાલ ઉપર ન રાખી શકાય. આવતી કાલનું કામ પણ બને તો આજે જ કરી લેવું જોઈએ. ભારત ખાદીમંડળ આ માસને મ તરીકે પાળવાની માગણી કરે છે. ગુજરાતને ખાદીની ભલામણ કરવાની હોય જ નહીં. માંધીમાઃ પૂરો થયા પછી ટૂંક સમયમાં ગાંધીજીના પુનરાગમનથી ગુજરાત પાવન થાય એવી આપણે ઉમેદ રાખીએ. એટલે હજી જેમણે પરદેશી કાપડનો ત્યાગ ન કર્યો હોય તે આ માસમાં ત્યાગ કરે અને ગાંધીજીના સ્વાગતને માટે તૈયારી કરે." (પટેલ મણિબહેન: સંપાદન-1969:74)

કુદરતી આપદા અને મુશ્કેલ પરીસ્થિતિઓમાં એકબીજાને પડખે ઉભા રહી સામાજિક સેવા અને ભાઈચારો રાષ્ટ્રના અસ્તિત્વ અને વિકાસ માટે કેટલો મહત્વનો છે તેની ચર્ચા સરદાર પટેલે કરી હતી. "કાઠિયાવાડ ઉપર એકાએક તૂટી પડયું છે એમ માનવાને કારણ છે. ગુજરાતે તેમ જ ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ અત્યાર સુધી, બીજા પ્રાંતોના સંકટ-નિવારણાર્થે અનેક વેળા છૂટે હાથે મદદ કરી છે. દયાધર્મ ગુજરાતી પ્રજાનો વિશેષ ગુણ મનાયો છે. તેઓ આ ઘરના સંકટકાળે

પ્રજાના સંકટ-નિવારણાર્થે તાત્કાલિક મદદ કરવામાં પાછા નહીં પડે એવી મને પૂરી આશા છે.” (પટેલ મણિબહેન: સંપાદન-1969:79)

સરદાર પટેલ માત્ર ભૌગોલિક જ નહિ, પરંતુ સામાજિક રીતે પણ અખંડ રાષ્ટ્રનું નિર્માણ અત્યંત આવશ્ય માનતા હતા. “ભારતની રાષ્ટ્રિય આઝાદીની લડતમાં છેલ્લા દાયકાઓમાં દેશના ઐક્યને પડકારરૂપ દેશી રાજ્યોનો પ્રશ્ન અનેક ગૂંચવણોથી ભરેલો હતો. લોર્ડ વેલેસ્લી અને લોર્ડ ડેલહાઉસી જેવા ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ગવર્નર જનરલોએ અનેક દેશી રજવાડાઓને કંપની સરકારની હકુમત નીચે આણ્યાં હતા. પરંતુ ગાંધીયુગ દરમિયાન જેમજેમ આઝાદીના જંગો જીતાતા ગયા તેમતેમ બ્રિટિશ સરકારે લડતને તોડવાના ઈરાદાથી રાજા-રજવાડાઓને સામ્રાજ્યવાદની ધરીમાં મૂક્વા માટેનો પ્રયાસ કર્યો હતો. પરંતુ દેશના વિઘટનની પ્રક્રિયાને ખાળવાના પ્રયાસો દેશી રાજ્યોનાં પ્રજામંડળો દ્વારા થતા ગયા હતા. આ દીશામાં એ સૌથી વધારે મહત્ત્વનું પ્રદાન કોઈએ કર્યું હોય તો તે સરદાર વલ્લભભાઈ પટેલ કર્યું હતું. તેમણે સામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવીને છેવટે ભારતમાં સેંકડો નાનાં મોટાં દેશી રાજ્યોનું ભારતીય સંઘ સાથે જોડાણ કર્યું હતું.” (સ્રોત:જયકુમાર શુક્લ: દશી રાજ્યોનું વિલીનીકરણ:૧૯૮૯:મકરન્દ મહેતા: રામર્શકનો અભિપ્રાય)

સમાજના દરેક સમુદાય, વર્ગ અને જ્ઞાતિના લોકોની ચિંતા સરદાર પટેલ કરતા હતા “મધ્યમવર્ગના ખેડૂતો અને નાનાં નાનાં ગામડાંના વેપારીઓ અતિશય દુઃખી હાલતમાં છે. તેમને ધર્માદાનો રોટલો ખપતો નથી. ખરું દરદ આ વર્ગ ઉપર આવી પડેલું છે. તેમને મદદ દેવાનું કામ બહુ નાજુક છે. છતાં તેનો કંઈ ઉપાય તો શોધવો જ જોઈશે”. (પટેલ મણિબહેન: સંપાદન-1969:81) તેમના માટે સમાજના દરેક વર્ગને વિકસવાની અને વિસ્તરવાની સમાન તકો મળવી જોઈએ.

SHABDBRAHM

સરદારના મતે આઝાદી સત્ય અને અહિંસાના રસ્તે પ્રાપ્ત થાય એ મહત્વનું છે. “આ બે પત્રો દ્વારા ગાંધીજી પકડાયા તેની છેલ્લી ઘડી સુધી દેશને પોતાનો સત્ય અને અહિંસાનો સંદેશો આપતા હતા. તેમના કારાવાસ પછી તેમના જે નિષ્ઠાવાન સાથીઓના હાથમાં આ છાપાંઓની વ્યવસ્થા હતી તેમણે ગાંધીજીની સત્ય અને અહિંસાની નીતિને યથાશક્તિ ચાલુ રાખી હતી. પણ આખરે છાપખાનું જપ્ત થયું છે અને અત્યારે સરકારના કબજામાં છે. આમ કરવામાં સરકારનો ઇરાદો સત્યને દાબી દેવાનો છે. કેમ કે તેને સત્યનો ભારે ડર છે. પણ સત્યને જપ્ત કરવાને કોઈ પણ ઑર્ડિનન્સની શક્તિ નથી.” (પટેલ મણિબહેન: સંપાદન-1969:97) આવનારા ભારતીય યુવાપેઢીને સત્ય અને અહિંસાના રસ્તે રાષ્ટ્રને વિકસિત બનાવવાનો આધાર મળી રહે તે માટે આઝાદીની લડતમાં આ બંને મૂલ્યોનું ખૂબ મહત્વ કહી શકાય.

“પટેલે રાજવીઓની દેશભક્તિને અપીલ કરી અને ‘આ પવિત્ર ભૂમિને વિશ્વના દેશોમાં યોગ્ય સ્થાન અપાવવાના કાર્યમાં’તેમની સહાય માગી”(INDIA AFTER GANDHI: RAMCHANDR GUHA: 2025:46)

સરદાર સાહેબ ભારતીય સામાજમાં એકતા અને અખંડિતતાને અસ્તિત્વ અને વિકાસનો આધારભૂત પાયો માનતા હતા. “સરદાર પટેલનું નામ દેશી રાજ્યોના વિલીનીકરણની કામગીરી સાથે એકરૂપ થઈ ગયું છે. તે મહાકાર્યનું એક અનુસંધાન પણ નડિયાદ સાથે સંકળાયેલું છે.

હૈદરાબાદનું વિલીનીકરણ કરવા માટે સરદારે સૈન્ય મોકલવાની ફરજ પડી હતી. પરંતુ હૈદરાબાદ એક વાર ભારતનો હિસ્સો બની ગયા પછી, ત્યાંના નિઝામ પ્રત્યે સરદારે કોઈ પ્રકારની કડવાશ રાખી નહીં. સરદારના મૃત્યુ પછી મણિબહેનના પ્રયાસથી નિઝામ ચૅરિટી ફંડમાંથી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયને સ્ત્રી અધ્યાપન મંદિર બનાવવા માટે રૂ. એક લાખ જેટલું મોટું દાન મળ્યું હતું. તે મકાન સાથે સરદાર પટેલનું નામ જોડવામાં આવ્યું. આમ, મૃત્યુ પછી પણ નડિયાદ અને સરદારનો ઋણાનુબંધ વિવિધ નિમિત્તે ચાલુ રહ્યો. સરદારના જીવનકાર્યનું સચોટ બયાન કરતાં ઉમાશંકર જોશીએ લખ્યું હતું, 'તેમના શબ્દો શબ્દો નહીં, કાર્યો છે.' આ ફક્ત સરદારને અંજલિ જ નહીં, સરદારનું ગૌરવ લેવા ઇચ્છતા સૌ કોઈ માટે અંગુલિનિર્દેશ પણ છે."(સ્રોત:કોઠારી ઉર્વીશ:સરદાર પટેલ અને નડિયાદ:૨૦૨૫:૩૦)

સરદાર સાહેબ ખેડૂતો, નાના વેપારીઓની સાથે સાથે સમાજમાં સદીઓથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા શોષિત સમુદાયોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટેના પ્રયાસો સાથે પણ અવિરતપણે જોડાયેલ હતા. "તા. ૨૯ મી નવેમ્બરે શ્રી ઠક્કરબાપાને ૭૦ વર્ષ પૂરાં થઈ ૭૧ મું વર્ષ બેસે છે. તે પ્રસંગ બાપાની ભારતના દીનદલિતોની અપૂર્વ સેવાને શોભે એવી રીતે ઊજવવાની યોજના દિલ્હીના હરિજન આશ્રમના નિવાસીઓ તરફથી કરવામાં આવી છે અને ગાંધીજીએ એ યોજનાને આશીર્વાદ આપ્યા છે, એ ગુજરાતનાં સૌ ભાઈબહેનોના જાણવામાં આવ્યું જ હશે. હરિજન આશ્રમવાસીઓએ આ પ્રસંગે શ્રી ઠક્કરબાપાને એક નાની થેલી અર્પણ કરવાની કલ્પના કરી એ વિચાર ગાંધીજી પાસે મૂકેલો. ત્યાર પછી ગાંધીજીના આશીર્વાદ અને ઉત્તેજનથી છેવટે રૂપિયા સિત્તેર હજાર જેટલી રકમ ભેગી કરવાનો પ્રયત્ન કરી એ રકમ ઠક્કરબાપાને અર્પણ કરવાનો નિર્ણય થયો છે. ગાંધીજીએ સૂચવ્યું છે કે આખા દેશમાં વસતા ઠક્કરબાપાના મિત્રો અને પ્રશંસકો તરફથી રૂપિયા સિત્તેર હજાર તો રમતાં રમતાં એકઠા કરી શકાય." (પટેલ મણિબહેન: સંપાદન-1969:99) કોઈપણમાં રાષ્ટ્રને ત્યારે જ વિકસિત કહી શકાય જયારે તી સમાજમાં દરેક વર્ગ અને સમુદાયને વિકાસના ફળ સમાન ચાખવા મળે.

આઝાદી માટે બલિદાન આપનાર દરેકને યાદ રાખવા તેમજ આવનાર પેઢીમાં આ બલિદાનોની ગાથાઓ સદીઓ સુધી જીવંત રહે તે આવશ્યક છે. "આજે જ્યારે આપણું જિંદગીની આશા-અભિલાષાઓ પૂરી થતી આપણે નજર સમક્ષ નિહાળી રહ્યાં છીએ, તેમ જ સ્વાતંત્ર્ય માટેની આપણી લડતમાં મળેલ વિજયમાં ભાગ લેવાનું આપણને સદ્ભાગ્ય સાંપડયું છે ત્યારે સ્વાતંત્ર્યની વેદી પર જિંદગીની આહુતિ આપી ગયેલ દેશભક્તોને શ્રદ્ધાંજલિ આપવાની આ ધન્ય ઘડીએ, આપણી પહેલી ફરજ છે. મને આશા છે કે આઝાદીના આ આનંદોત્સવમાં આખો દેશ તેમનું સ્મરણ કર્યા વિના રહેશે નહીં." (પટેલ મણિબહેન: સંપાદન-1969:100). દેશભક્તોને શ્રદ્ધાંજલિ એ આવનાર પેઢીમાં મહામુલી આઝાદીનું મહત્વ, બલિદાન ગાથાઓ, રાષ્ટ્રભક્તિ અને એકતાના મૂલ્યને સદા જીવંત રાખશે.

"સરદાર સાહેબના જીવનમાંથી આપણે ઘણું શીખવા જેવું છે. આપણી રાષ્ટ્રીય જાગૃતિના ઇતિહાસમાં એમનું સ્થાન પ્રથમ શ્રેણીના વીર પુરુષનું છે. આ જીવનચરિતમાં એમનો ઉત્કટ દેશપ્રેમ, અપ્રતિમ અને સ્વાર્થરહિત સેવાભાવના, વિચક્ષણ બુદ્ધિશક્તિ તથા નીડરતાના ગુણો ડગલે

SHABDBRAHM

ને પગલે આપણને જોવા મળે છે. ગાંધીજીના એક વફાદાર સાથી અને અનુયાયી તરીકે એમણે અનેક સત્યાગ્રહના મોરચાઓ ઉપર આગેવાની કરી લોકોનું ઘડતર કર્યું. પછી સ્વરાજ આવતાં પંડિત જવાહરલાલજીના સાથી તરીકે એમણે દેશના વહીવટીતંત્રને જવાબદાર અને સુદઢ બનાવ્યું. ઉપરાંત થોડા મહિનાઓમાં જે કુનેહ અને દઢતાથી એમણે દેશી રાજાઓને પેન્શન આપી રાજીખુશીથી હિંદી સંઘમાં ભેળવી દીધા એ એમની સિદ્ધિ જગતના ઇતિહાસમાં પણ અજોડ રહેશે. સ્વ. રાવજીભાઈએ પોતાની સાદી અને સરળ શૈલીમાં અને સુરીલી ભાષામાં આ બધા ઇતિહાસને એમના જીવન પ્રસંગોમાં ભારે ખૂબીથી વણી લીધો છે એ વાચક પોતે જ જોઈ શકશે. સ્વતંત્રતાસંગ્રામના સમયમાં સરદાર સાહેબે કોંગ્રેસના તંત્રને ઘડવામાં અને એને સ્થિરતા અને મજબૂતી આપવામાં જે મહત્ત્વનો ફાળો આપ્યો અને ત્યાર પછી સ્વરાજનાં શરૂઆતના વર્ષોમાં એમણે તંત્રને સ્થિર અને સુદઢ કરવામાં જે બાહોશી અને કાર્યક્ષમતાનું દર્શન કરાવ્યું એનો ખ્યાલ આ પુસ્તક પરથી વાચકોને મળશે." (રાવજીભાઈ પટેલ:૧૯૬૩: હિંદનો સરદાર:પુસ્તક સમિક્ષા:મોરારજી દેસાઈ:છેલ્લું પૃષ્ઠ)

## આધુનિક અને વિકસિત ભારતીય સમાજ માટે પ્રેરણા અને દિશાસૂચન: નિષ્કર્ષ

ઉપરોક્ત સાહિત્યોમાં રજુ થયેલ સામાજિક મુદ્દાઓને કેન્દ્રમાં રાખી સરદાર પટેલના સામાજિક રાજકીય વિચારોમાં અભિવ્યક્ત માનવતાવાદી મૂલ્યોને કેન્દ્રમાં રાખી આધુનિક અને વિકસિત ભારતના સ્વપ્નને પૂરું કરવાના પ્રયત્નો કરવા જોઈએ. સરદાર પટેલના વિચારોમાં અભિવ્યક્ત સામાજિક મૂલ્યો જેવા કે, સામાજિક એકતા અને પરોપકાર, સદભાવના, પ્રેમ, સામાજિક સહકાર, પર્યાવરણનું જતન, પ્રકૃતિનું પૂજન અને જાળવણી, અતિથિ દેવો ભવ: ની સંસ્કૃતિ, આરોગ્ય પ્રદ અને સાદી જીવનશૈલી, લોભ લાલચથી મૂક્ત સમાજ, વિદ્યા અને જ્ઞાનનું સર્વોચ્ચ સ્થાન, પ્રાકૃતિક ખેતી અની પશુપાલન, કલ્યાણ કરનારી રાષ્ટ્ર શક્તિ, નાગરિકોના રાષ્ટ્ર પ્રત્યેના કર્તવ્યો, નૈતિકતા અને ઈમાનદારી, વિકાસમાં સત્યનો આધાર, મહામુલી આઝાદીનું જતન, રોગમુક્ત બનવા આયુર્વેદીક ઔષધી, આદર્શ સમાજનું માનચિત્ર, નદીઓ માટે માતૃત્વની ભાવના અને તેની જાળવણી, વૈશ્વિક બંધુત્વની ભાવના, સમાન માનવા અધિકારો, પૃથ્વીને માતા તારીકોનો દરજ્જો, સ્ત્રી શિક્ષણનું મહત્વ, વગેરે સામાજિક મૂલ્યો દરેક ક્ષેત્રોમાં આધુનિક વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં દેશા સૂચક બની રહે તેમ છે. ૧૯૪૭ના સર્વાંગી રીતે આધુનિક વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવા માટે બાળકોના સામાજીકિકરણ અને શાળાઓમાં વૈજ્ઞાનિક અભિગમથી વૈદિક સામાજિક મૂલ્યોના શિક્ષણ ઉપર ભાર મુકવાનો પયત્ન કરવો અનિવાર્ય છે.

ભારતીય સમાજને આધુનિક અને વિકસિત બનાવવા માટે આર્થિકની સાથે સાથે સામાજિક-સાંસ્કૃતિક રીતે વિકસિત બનાવવાનું લક્ષ્ય અનિવાર્ય છે. સદીઓથી ભારતીય સમાજમાં જ્ઞાતિ અને જાતિ અધારતી અનેક દુષણો અને રિવાજો અમુક જ્ઞાતિ અને વર્ગોનું શોષણ કરે છે. આવા સમુદાય સાથે અસ્પૃશ્યતા, ભેદભાવ અને અશોભનીય વર્તન થાય છે. વિકસિત ભારતીય સમાજમાં દરેકને સમાન દરજ્જો, પ્રતિષ્ઠા, આત્મસમાન, અધિકારો, પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થાનો અંત, મહિલાઓને સમાન તકો અને દરજ્જો, પર્યાવરણનું જતન અને સુરક્ષા, સમાન ન્યાય અને શિક્ષણ, યુવાપેઢીને માદક પદાર્થોથી દુર રાખવી, તેમજ વિકાસની સમાન તકો મળી રહે તો જ

વાસ્તવિકપણે આપણે વિકસિત બનીશું. આ તમામ સામાજિક મુદ્દાઓને કેન્દ્રમાં રાખી વાસ્તવિક પ્રયત્નો સાથે આધુનિક વિકસિત ભારતના લક્ષ્યાંક નક્કી કરી નક્કર પ્રયત્નો કરવા જોઈએ, આ પ્રકારનો વિકસિત ભારતીય સમાજ નિર્માણ પામે તો જ સરદાર પટેલને વાસ્તવિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી કહી શકાય. સરદાર પટેલનું જીવન અને કાર્ય આજના યુવાનો માટે પ્રેરણાસ્રોત છે. તેમની નિર્ણય શક્તિ, દ્રઢતા, રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા, પ્રામાણિકતા અને વ્યવહારિક અભિગમ "આધુનિક અને વિકસિત ભારત" ના લક્ષ્યને હાંસલ કરવા માટે અત્યંત જરૂરી છે. તેઓ ક્યારેય સત્તાની લાલચમાં પડ્યા નહિ અને હંમેશા રાષ્ટ્રહિતને સર્વોપરી રાખ્યું. આજે "સ્ટેચ્યૂ ઓફ યુનિટી" (Statue of Unity) દ્વારા તેમના યોગદાનને સન્માનિત કરવામાં આવ્યું છે, જે તેમની રાષ્ટ્રીય એકતાની વિરાટ સિદ્ધિનું પ્રતીક છે અને "આધુનિક અને વિકસિત ભારત" ના સ્વપ્નને સાકાર કરવા માટે સૌને પ્રેરણા આપે છે. સરદાર પટેલનો દ્રષ્ટિકોણ માત્ર રાજકીય એકીકરણ પૂરતો સીમિત નહોતો, પરંતુ તે એક મજબૂત, આત્મનિર્ભર અને સમાનતાવાદી ભારતનું નિર્માણ કરવાનો હતો, જે આજના "વિકસિત અને આધુનિક ભારત" ના લક્ષ્ય સાથે સુસંગત છે.

**Reference list:**

(૧) પટેલ મણિબહેન(સંપાદન ૧૯૬૯) સરદાર વલ્લભભાઇ પટેલના લેખો, નવજીવન, અમદાવાદ.

(૨) પટેલ રવજીભાઈ (૧૯૬૩) હિંદનો સરદાર, નવજીવન, અમદાવાદ.

(3) શાહ ગુણવંત (૧૯૮૩) સરદાર એટલે સરદાર,આર.આર.શેઠએન્ડ કંપની, અમદાવાદ.

(૪) ગુહા રામચંદ્ર (૨૦૨૫) ગાંધી પછીનું ભારત, સાર્થક પ્રકાશન, અમદાવાદ.

(૬) ડૉ. શુક્લ જયકુમાર (૧૯૮૯) દેશી રાજ્યોનું વિલીનીકરણ, યુની. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(૭) પટેલ રવજીભાઈ (સંક્ષિપ્ત-૨૦૧૩) હિંદનો સરદાર, STATU OF UNATY, નવજીવન, અમદાવાદ

SHABDBRAHM